ॐ

શ્રી પરમકૃપાળુ દેવાય નમઃ

ઉદ્‌ઘોષશ્રેણી

લીડર બનો

WORKSHEET Marks : 50

નામ : ..... ટે.નં. : ..... ગ્રુપ : .....

(I) **સાચો જવાબ પસંદ કરો.** Marks : 2

(૧) આપણી સેવાનું એકમાત્ર ધ્યેય ..... પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ.

(a) પ્રશંસા (b) આદર (c) ગુરુનો રાજીપો

(૨) એક સારો લીડર .....

(a) અન્યનું સાંભળે છે (b) બીજાઓને સંભળાવે છે (c) અન્યનું સાંભળવા તૈયાર નથી હોતો

(II) **ખાલી જગ્યા પૂરો.** Marks : 3

(૧) કોઈ કામને ..... માટે પણ વિલંબિત કરવું તે મહાપ્રમાદ છે.

(૨) જો કામ ન થયું હોય તો સ્પષ્ટીકરણ (એકસપ્લેનેશન) આપી છટકવું નહીં, કારણ કે સ્પષ્ટીકરણ એ .....નું પ્રવેશદ્વાર છે.

(explanation is a doorway for .....)

(૩) જીવનમાં પરિસ્થિતિઓ અનિશ્ચિત છે અને ..... અનિવાર્ય છે.

(III) **નીચે આપેલ દૃષ્ટાંતોનો પરમાર્થ એક વાક્યમાં લખો.** Marks : 7

(૧) ઈંટ મૂકવી - મુગુટપૂજા

.....

(૨) સિકંદર - પિતાના વિજયનો ઉત્સવ

.....

(૩) બીરબલ - બિલાડી

.....

(૪) ગણપતિજી

.....

(૫) માર્શમેલો(બુઢ્ઢીના વાળ)નો પ્રયોગ

.....

(૬) વિશ્વયુદ્ધ ૨ - લંડન - ટિન વગેરેનું દાન

.....

(૭) ભેળની સામગ્રી

.....

(IV) **એક વાક્યમાં જવાબ આપો.** Marks : 12

(૧) આપણા મનને શક્તિશાળી બનાવવા કયાં બે સાધન દ્વારા મનમાં સકારાત્મક વિચારો ભરીશું?

.....

.....

(૨) કામની સોંપણી કર્યા પછી કઈ બે વસ્તુ કરવામાંથી દૂર રહેવું જોઈએ ?

.....

.....

(૩) કામની વ્યવસ્થિત સોંપણીના બે ફાયદા શું છે?

.....

.....

(૪) કામની વ્યવસ્થિત સોંપણી કર્યા છતાં જો પ્રોજેક્ટ નિષ્ફળ જાય તો સારા લીડરનું શું વલણ હોય છે? પ્રોજેક્ટ સફળ થયા પછી લીડરની પ્રશંસા થાય ત્યારે તેનું શું વલણ હોય છે?

.....

.....

(૫) સદ્‌ગુરુ પોતાના યોગબળ દ્વારા સમસ્ત મિશન ચલાવવા સમર્થ હોવા છતાં આપણને સેવા કેમ સોંપે છે?

.....

.....

(૬) આપણે સૌ કઈ દૃષ્ટિએ આશ્રમના પ્રમુખ છીએ?

.....

.....

(V) **દરેક દૃષ્ટાંત સામે અંગ્રેજી કે ગુજરાતીમાં લીડરનો ગુણ લખો અને આપેલ વિકલ્પોમાંથી તેનો પરમાર્થ પસંદ કરો. તમારી સમજણ માટે એક નમૂનો આપવામાં આવ્યો છે.** Marks : 10

	દૃષ્ટાંત	લીડરનો ગુણ	પરમાર્થ
	ઘાસનું તણખલું	ભળવું / adjustable	d
૧	લીંબુ		
૨	અક્ષરધામ - મુલાકાતીની નોંધ (વિઝિટરબૂક)		
૩	પરસેવામાં નહાવું		
૪	કૂતરો - દવાની બાટલી		
૫	નેપોલિયન - પાણી		

પરમાર્થના વિકલ્પો

a) અન્યનાં સુખ-દુઃખમાં સાથ આપો.
b) યથાર્થ વ્યક્તિને યથાર્થ કામ સોંપો.
c) ટીકા સાંભળવાની તૈયારી રાખો.
d) નમતા શીખો.
e) કોઈ પણ સેવા નાની નથી.
f) મિલનસાર સ્વભાવ રાખવો.
g) અન્યને તમારી પ્રશંસા કરવા દો.
h) અન્યની ભાવનાને સમજો.
i) સર્વનો સમાન આદર કરો.
j) સફળ થવા માટે સદા ઉદ્યમી રહો.

(IV) **આ સબળ લીડર છે કે નહીં તે લખી તેનું કારણ જણાવો.** Marks : 16

(૧) સ્નેહાએ પોતાની બાંધકામ સેવાની ટીમ એવી બનાવી છે, જેમાં કિશોરો ડેટા એન્ટ્રીનું કામ કરે છે, યુવાનો સાઈટ પર કામ કરે છે અને પ્રેમાર્પિતો પોતાના અનુભવના આધારે ઉત્તમ દર પર સામગ્રીની ખરીદ કરે છે.

.....

.....

(૨) રાહુલને ઘણી જવાબદારી છે. તે માને છે કે સમય અને શક્તિ બચાવવા બીજા બોલે તેમાંથી જે અને જેટલું સાંભળવું છે તેટલું જ સાંભળવું.

.....

.....

(૩) શિલ્પીન એક હોશિયાર યુવાન છે અને તેની એક મોટી ટીમ છે. તે હંમેશા તણાવ(સ્ટ્રેસ)માં હોય છે, કારણ કે તેને લાગે છે કે જો તે પોતે બધાં કામ નહીં ઉપાડે તો તે કામ બરાબર થશે નહીં.

.....

.....

(૪) અલ્પિતે બધા પ્રેમાર્પિત (૬૦ વર્ષ કે તેથી વધુ વયના) સેવકોને પોતાની સેવાટીમમાંથી રજા આપી દીધી, કારણ કે તેને તેઓની કાર્યપદ્ધતિ જૂનવાણી અને પોતાના કરતાં ઘણી જુદી લાગી.

.....

.....

(૫) અબીર તેની સેવા ટીમ માટે એટલો બધો અગત્યનો છે કે તે નહીં હોય તો ટીમનું કામ જ ઠપ થઈ જશે.

.....

.....

(૬) જ્યારે કોઈએ અંકુરને પૂછ્યું કે તું આટલો સરસ ગાયક હોવા છતાં સ્નાત્રપૂજામાં ભક્તિ કેમ નથી કરાવતો? ત્યારે તેણે જવાબ આપ્યો કે તેના ગુરુએ તેને પ્રોગ્રામ વખતે લોકોની અવર-જવર સંભાળવાની સેવા આપી છે.

.....

.....

(૭) વિશ્રામે પ્રોજેક્ટનાં કામ તેના ટીમના સભ્યોમાં વહેંચી દીધાં, જેથી તેને પોતાને ફુરસદ અને આરામનો વધુ સમય મળે.

.....

.....

(૮) કેટલાક સભ્યોને ઉચ્ચ શ્રેણીની તાલીમ આપવાનું સૂચન સર્જિતે નામંજૂર કર્યું, કારણ કે તેને પોતાની ટીમમાં સૌથી કાબિલ વ્યક્તિ તરીકેનું પદ જાળવી રાખવું હતું.

.....

.....

* * *